[73-Guj.] No. of printed pages : 4

**SARDAR PATEL UNIVERSITY**
**B.Com. (Honours) I Semester Examination**
**9th April 2016, Saturday**
**2.30 pm - 4.30 pm**
**UB01ECOH01 : Accounting for Business - I**

**Total Marks: 60**

પ્ર.૧ પ્રયાસ કંપનીએ તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૨ના રોજ એક યંત્ર ભાડે ખરીદ પદ્ધતિથી કિશન કંપની પાસેથી ખરીદ્યું જરૂરી વિગતો નીચે પ્રમાણે છે. (૧૫)

૧) રોકડ કિંમત ૬૦૦૦૦
૨) કરાર પર સહી કરતી વખતે ચુકવ્યા ૨૦૦૦૦
૩) પ્રથમ વાર્ષિક હપ્તો ૧૮૦૦૦
૪) બીજો વાર્ષિક હપ્તો ૧૬૦૦૦
૫) ત્રીજો વાર્ષિક હપ્તો ૧૩૮૬૦
૬) વ્યાજનો દર વાર્ષિક ૧૦%
૭) ઘસારો ૨૦% લેખે રોકડ કિંમત ઉપર ઘટતી જતી બાકીની પદ્ધતિથી ગણવાનો છે.

પ્રયાશ કંપનીના ચોપડામાં જરૂરી ખાતાં તૈયાર કરો.

**અથવા**

પ્ર.૧

(અ) ભાડે ખરીદ પદ્ધતિ અને હપ્તા ખરીદ પદ્ધતિનો તફાવત આપો. (૦૫)

(બ) પ્રવિણે એક યંત્ર એલિકોન એન્જીનિયરીંગ કંપની પાસેથી ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર તા. ૧-૪-૨૦૧૨ના રોજ ખરીદ્યું. કરાર પ્રમાણે રૂા. ૨૦૦૦ રોકડ કરાર કરતી વખતે, જ્યારે બાકીની રકમ નીચેના ત્રણ વાર્ષિક હપ્તાઓમાં ચુકવવાની હતી. (૧૦)

પહેલો હપ્તો ૨૬૦૦ બીજા હપ્તો ૨૪૦૦ ત્રીજો હપ્તો ૨૨૦૦

યંત્ર પર સીધી લીટીની પદ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ઘસારો કાપવામાં આવે છે. પેઢીનું હિસાબી વર્ષ તા. ૩૧મી ડિસેમ્બરના રોજ પુરુ થાય છે.

ઉપરની મહિતિ પરથી શ્રી પ્રવિણના ચોપડામાં યંત્રનું ખાતુ તૈયાર કરો.

પ્ર.૨ માલ ધણી શ્રી શિવ તેના આડતિયા નંદીને રૂા. ૮૦૦૦૦ની મૂળ કિંમતનો માલ તેના પર ૬૦% નફો ચડાવીને આડતથી વેચવા મોકલે છે. વેચાણ પર ૧૦% આડત અને ઉધાર વેચાણ પર ૫% આસામી આડત આપવાની છે. (૧૫)

વેચાણ આંકડા મુજબ રોકડ વેચાણ ૩૬૦૦૦ અને ઉધાર વેચાણ ૬૦૦૦૦ છે. આડતિયાએ રોકડ વેચાણ અંગે પોતાના તરફથી રૂા. ૧૦૦૦ વટાવ આપેલ છે. ઉધાર વેચાણ પૈકી રૂા. ૨૦૦૦ની ઘાલખાધ પડે છે. તે સિવાયની બધી જ રકમ વસુલ થાય છે.

માલધણીએ નૂર અને વીમાના રૂા. ૪૦૦૦ તથા આડતિયાએ જાહેરાતના રૂા. ૨૦૦૦ ચુકવેલ છે. આડતિયાએ માલધણીને પૂરી રકમ બેંક ડ્રાફ્ટથી મોકલી આપી. નીચે જણાવેલાં ખાતા તૈયાર કરો.

(૧) માલધણીના ચોપડે - આડતમાલ ખાતું, આડતિયાનું ખાતું અને આડતથી મોકલેલ માલનું ખાતું.
(૨) આડતિયાના ચોપડે - માલધણીનું ખાતું અને આડતનું ખાતું.

**અથવા**

પ્ર.૨

(અ) ટૂંકનોંધ લખો : આસામી આડત (૦૫)

(બ) આડતમાલ અને વેચાણનો તફાવત (૦૫)

(ક) રામે રૂા. ૧૦૦૦૦નો માલ શ્યામને આડત પર વેચવા મોકલ્યો. માલ મોકલતાં રૂા. ૧૦૦૦નો ખર્ચ થયો. આડતિયાએ બધો માલ રૂા. ૧૫૦૦૦માં વેચ્યો, જે પૈકી રૂા. ૫૦૦૦નું રોકડ વેચાણ હતું. આડતિયાને કુલ વેચાણ પર ૫% સામાન્ય આડત અને ૨% આસામી આડત આપવાની છે. ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક રૂા. ૫૦૦ ચુકવતો નથી. (૦૫)

માલધણીના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયાના ચોપડે માલધણીનું ખાતું બનાવો. આડતિયાએ માલધણીની લેણી રકમ ચુકવી દીધી છે.

પ્ર.૩ નડિયાદના પવનભાઈ આણંદના વરુણભાઈ સાથે કોમ્પ્યુટર વેચવા અને નફોનુકશાન ૧:૨ના પ્રમાણમાં વહેંચવા સંયુક્ત સાહસમાં જોડાયા છે. પવનભાઈ રૂા. ૧૨૫૦૦૦ અને વરુણભાઈ ૨૫૦૦૦૦ સંયુક્ત સાહસ પેટે કાઢીને સંયુક્ત બેંક ખાતુ ખોલાવે છે. પવનભાઈ રૂા. ૨૨૫૦૦નું એક એવા ૧૦ કોમ્પ્યુટર ખરીદે છે અને તેના નાણાં સંયુક્ત બેંક ખાતામાંથી ચુકવે છે. જકાતના અને વીમા પ્રિમીયમના અનુક્રમે ૧૦૦૦ અને ૪૦૦૦ પવનભાઈ પોતાની ખાનગી રોકડમાંથી આપે છે. વરુણભાઈ રૂા. ૨૦૦૦૦નું એક એવા ૭ કોમ્પ્યુટર ખરીદે છે અને તેના નાણાં સંયુક્ત બેંક ખાતામાંથી ચુકવે છે. રસ્તામાં બે કોમ્પ્યુટરને નુકશાન થયું હતું. તે સિવાય બધાં જ કોમ્પ્યુટર રૂા. ૩૦૦૦૦ની કિંમતે વેચાઈ ગયા, વરુણભાઈએ નુકશાન પામેલ બે કોમ્પ્યુટર પર નંગદીઠ રૂા. ૧૫૦૦ સમારકામ અંગે ખર્ચ્યા અને તેના નાણાં પોતાની ખાનગી રોકડમાંથી ચુકવ્યો. વરુણભાઈએ દરેક રૂા. ૨૦૦૦૦ કિંમતે વેચી દીધાં. (૧૫)

સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બેંક ખાતું અને સહ ભાગીદારોનાં ખાતાં બનાવો.

**અથવા**

પ્ર.૩

(અ) સંયુક્ત સાહસ અને ભાગીદારી વચ્ચેનો તફાવત આપો. (૦૫)

(બ) નિમેષ અને સિદ્ધરાજ બંને એક સહિયારા વેપારમાં નફાના સરખા ભાગની શરતે જોડાયા. સહિયારા વેપારમાં નીચે મુજબના વ્યવહારો થયા. (૧૦)

નિમેષે રૂા. ૧૫૨૦૦૦નો માલ ખરીદ કર્યો જેના પર તેણે નૂર તથા ખર્ચના રૂા. ૮૦૦૦ આપ્યા. સિદ્ધરાજ એ રૂા. ૫૦૦૦૦નો માલ પોતાના સ્ટોકમાંથી આપ્યો અને તે અંગે ગાડાભાડાના રૂા. ૧૦૦૦ ચૂકવ્યા.

સિદ્ધરાજે કેટલોક માલ વેચાણ કમિશનના રૂા. ૪૦૦૦ આપી ૧૬૦૦૦૦માં વેચ્યો. નિમેષે વખાર ભાડાના તથા પરચૂરણ ખર્ચના રૂા. ૨૦૦૦ આપ્યા. નિમેષે બાકીનો માલ રૂા. ૯૩૦૦૦માં વેચ્યો અને ગાડાભાડાના ૮૦૦૦ રોકડા આપ્યા.

નિમેષના ચોપડામાં આમનોંધ આપો.

પ્ર.૪

(અ) ૩૧મી માર્ચ ૨૦૧૫ના રોજ પુરા થતા વર્ષની નીચે આપેલ માહિતીના આધારે સોલિસીટર શ્રી ક્રિષ્ણાના વ્યવસાય માટે ૨૦૧૪-૧૫ના વર્ષનું નફાનુકશાન ખાતું અને ૩૧-૩-૨૦૧૫ના રોજનું પાકુ સરવૈયું તૈયાર કરો. (૧૨)

| વિગત | રકમ |
|---|---|
| ફી | ૬૭૦૫૦૦ |
| ચાલુ કામ ખાતે ૩૧-૩-૨૦૧૫ | ૫૧૭૦૦ |
| મુડી | ૧૫૦૦૦૦ |
| ઉપાડ | ૩૬૦૦૦૦ |
| નહિ મળેલ ફી અંગે અનામત | ૬૦૦૦૦ |
| અસીલો પાસેથી અગાઉથી મળેલ રકમ | ૮૩૦૦૦ |
| ફી અંગે અસીલો પાસે લેણા | ૧૧૫૪૦૦ |
| અસીલો વતી કરેલ ખર્ચ | ૪૧૦૦૦ |
| ભાડુ | ૧૨૦૦૦૦ |
| ઓફીસ ખર્ચા | ૮૭૩૦૦ |
| ચુકવવાના બાકી ખર્ચા | ૪૫૦૦ |
| ફર્નિચર અને ઓફિસ સાધનો | ૨૪૮૦૦ |
| પુસ્તકો | ૮૯૦૦ |
| બેંક સિલક - અસીલો | ૪૭૩૦૦ |
| ઓફીસ | ૬૩૩૦૦ |
| ઓફિસ મકાનની ડિપોઝિટ | ૧૦૦૦૦૦ |

કાયમી મિલકતો પર ૧૦% લેખે ઘસારો ગણો. વર્ષના અંતે અસીલો વતી કરેલ ખર્ચના ખાતાની બાકી ૪૫૦૦૦ મળેલ રકમમાં ઉધારેલ નથી.

(બ) હિસાબો રાખવાની પદ્ધતિઓ જણાવો. (૦૩)

**અથવા**

પ્ર.૪ શ્રી ગોપાલ એક ચાર્ટડ એકાઉટન્ટ છે. તેમનું ૩૧-૧૨-૨૦૧૪ના રોજ પુરા થતા વર્ષનું આવક-જાવક ખાતું નીચે મુજબ છે. (૧૫)

**આવક-જાવક ખાતું**

| આવક | રૂા. | જાવક | રૂા. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | ૧૦૦૦૦ | પગાર | ૬૦૦૦ |
| ઓડિટ ફી | ૩૦૦૦૦ | ભાડુ | ૪૦૦૦ |
| સલાહ સૂચન આપવાની ફી | ૧૦૦૦૦ | આર્ટિકલ ક્લાર્કનું મહેનતાણું | ૩૬૦૦ |
| અન્ય હિસાબી કાર્યની આવક | ૨૪૦૦ | ઘરખર્ચ | ૧૪૦૦૦ |
| પરીક્ષક ફીના આવક | ૧૬૦૦ | જીવનવીમા પ્રિમીયમ | ૨૦૦૦ |
| કોલેજમાંથી મળેલ આવક (વ્યાખ્યાતા તરીકે) | ૪૦૦૦ | પરચુરણ ખર્ચ | ૩૦૦૦ |
| અન્ય આવક | ૨૦૦૦ | ટેલિફોન ખર્ચ | ૩૦૦૦ |
| | | પુસ્તકો (૧-૭-૨૦૧૪) | ૮૦૦૦ |
| | | સભ્યપદ ફી | ૨૫૦ |
| | | આવકવેરો | ૧૦૦૦ |
| | | મોટરકાર ખર્ચ | ૨૭૫૦ |
| | | બા.આ. લઈ ગયા | ૧૨૪૦૦ |
| | **૬૦૦૦૦** | | **૬૦૦૦૦** |

તમારે નીચેની માહિતી ધ્યાનમાં લઈ આ વ્યવસાય માટે તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ પુરા થતા વર્ષનું ઉપજ ખર્ચ ખાતુ અને તે જ રોજનું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે.

(૧) તેની પાસે તા. ૧-૧-૨૦૧૪ના રોજ નીચેની મિલકતો હતી.

| | |
|---|---|
| ફર્નિચર | રૂ. ૫૦૦૦ |
| પુસ્તકો | રૂ. ૭૦૦૦ |
| અન્ય મિલકતો | રૂ. ૮૦૦૦ |

(૨) મોટરકાર ખર્ચ અને ટેલિફોન ખર્ચનો ૧/૫ ભાગ ઘરવપરાશ અંગેનો છે.

(૩) ફર્નિચર પર વાર્ષિક ૫% અને અને પુસ્તકો પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણો.

*****